- વેરિકોઝ વેઇન, જે ફૂલી ગયેલી, વાંકીચૂંકી અને પીડાકારક હોય
- હાર્ટ એટેક (હ્રદયરોગ નો હુમલા), સ્ટ્રોક (મગજ નો હુમલો), અથવા કન્જેસ્ટીવ હાર્ટ ફેઈલ્યોર નો પૂર્વ ઇતિહાસ હોય

## વેઈન્સ (નસો) ને લગતી સમસ્યાઓ ની સારવાર કરવા માટે ટીમ નું સાથે મળી ને કાર્ય કરવું તે કેવી રીતે મદદરૂપ થાય છે :

**વેઈન્સ (નસો)** ના રોગો ને સમજવા અને તેઓ ની સારવાર માટે, ઇન્ટરવેન્શનાલિસ્ટ અને વાસ્ક્યુલર સર્જન બંને ના મંતવ્ય લેવા અને સલાહો લેવી જરૂરી છે. કોઈ પણ પ્રકાર ના વેઈન ડિસિઝીઝ (નસ ના રોગો) ની સારવાર યોગ્ય પદ્ધતિ થી કરવા માં, ટિમ વર્ક (સાથે રહી ને કાર્ય કરવું) હમેશા મદદરૂપ રહે છે.

અમારી પાસે ખાસ તાલીમ ધરાવતા અને વેઈન્સ (નસો) ને સંબંધિત સમસ્યાઓ ની સારવાર માં રુચિ ધરાવતા, સમર્પિત ઇન્ટરવેન્શનાલિસ્ટ અને વાસ્ક્યુલર સર્જન છે. આટલા વર્ષો માં અમે, એક ટિમ તરીકે વેઈન ડિસિઝીઝ (નસ ના રોગો) ની સારવાર વિષે ઘણું શીખ્યા છીએ અને તેમાં ઘણો અનુભવ મેળવ્યો છે.

## નવી ટેકનીકો / પદ્ધતિઓ :





આર્ટિરીયલ ઇન્ટરવેન્શન માં થયેલ વિશાળ પ્રગતિ ની જેમ જ, આવા પ્રકાર ની સમસ્યાઓ ની અસરકારક રીતે સારવાર કરવા માટે પણ, ઘણી નવી ટેકનિકો અને નવી ટેક્નોલોજી વિકસી છે. સિમ્સ હોસ્પીટલ માં, અમારી પાસે વેઈન્સ (નસો) ને લગતી સમસ્યાઓ ની સારવાર કરવા માટે અધ્યતન સાધનો અને ટેક્નોલોજીસ છે.

## જો કોઈ વેઈન્સ (નસો) ને લગતી સમસ્યાઓ ની સારવાર ન લે તો શું ?

DVT અને વેઈન્સ (નસો) સાથે સંબંધિત અન્ય સમસ્યાઓ ની સૌથી વધુ કમનસીબી વાળી સિકવિલા (કોઈ ઘા કે તકલીફ પછી તેના કારણે ઊભી થયેલ સમસ્યા જે લાંબો સમય સુધી ચાલે) છે પોસ્ટ થ્રોંબોટિક સિન્ડ્રોમ (PTS), જેના લક્ષણો છે લાંબા ગળે વેઈન્સ (નસો) પોતાનું કર્યા કરવા અસક્ષમ થઈ જવી, સોજો આવવા, ચામડી માં ચાંદા / ધારા પડવા, નસો માં પૂરતું લોહી ન મળવા ને કારણે દુખાવો કે ઝણઝણાટી થવી, પીડા, ત્વચા નો રંગ ફરી જવો, અને વેરિકોઝ વેઇન થાય. આ બધા લક્ષણો ગંભીર હોય શકે છે, કયારેક અંગછેદન પણ જરૂરી બની જઈ શકે છે. DVT થવા ના ૧ વર્ષ માં, DVT ની તકલીફ વાળા બધા દર્દીઓ માં થી, DVT થવા ના ૧ વર્ષ માં, ૧૦% થી વધારે દર્દીઓ માં PTS (પોસ્ટ થ્રોંબોટિક સિન્ડ્રોમ) થતું જોવા મળે છે, અને સમય જતાં, આ થવા ની શક્યતા નો દર વધી રહ્યો છે.



## સિમ્સ વેઈન્સ ક્લિનિક ટીમ

### વેઈન પ્રોગ્રામ ડિરેક્ટર : ડૉ. સત્ય ગુપ્તા

### વેઈન પ્રોગ્રામ કો-ડિરેક્ટર્સ

**CARDIOLOGISTS**
Dr. Satya Gupta
Dr. Vineet Sankhla
Dr. Vipul Kapoor
Dr. Tejas V. Patel
Dr. Gunvant T Patel
Dr. Keyur Parikh
Dr. Milan Chag
Dr. Urmil Shah
Dr. Hemang Baxi
Dr. Anish Chandarana
Dr. Ajay Naik

**PAEDIATRIC CARDIOLOGISTS**
Dr. Kashyap Sheth
Dr. Divyesh Sadadiwala
Dr. Milan Chag

**VASCULAR SURGEONS**
Dr. Pranav Modi

**CARDIAC SURGEONS**
Dr. Dhiren Shah
Dr. Dhaval Naik
Dr. Amit Chandan

**PAEDIATRIC & STRUCTURAL HEART SURGEON**
Dr. Shaunak Shah

**CARDIAC ANAESTHETISTS**
Dr. Niren Bhavsar
Dr. Hiren Dholakia
Dr. Chintan Sheth

**Vein Clinic Time**
**Monday - Friday (4.00 pm to 5.00 pm)**

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International
NABH
NABL
Certificate No. MC-3049

**સીમ્સ હૉસ્પિટલ**
રજી. ઓફિસ : પ્લોટ નં. 67/1, પંચામૃત બંગલોની સામે,
શુકન મોલની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-75 ફેક્સ : +91-79-2771 2770
**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-2772 1008**
**મોબાઈલ : +91-98250 66661 ઈમેલ :** opd.rec@cimshospital.org
**24 X 7 મેડીકલ હેલ્પલાઈન +91-70 69 00 00 00**
**સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે**
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org
**એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓ : +91-98244 50000, 97234 50000**

# સિમ્સ વેઈન ક્લિનિક



CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International
NABH
NABL
Certificate No. MC-3049

**તમારી નસો ની (શિરાઓ ની) સારવાર સમર્પિત 'સિમ્સ વેઇન ક્લિનિક' માં કરવો :**

### વેઇન ક્લિનિક શા માટે ?

ધમનીઓ, ફેફસાં માં થી આવેલ ઓક્સિજનયુક્ત રક્ત, જે હૃદય ની ડાબી બાજુ દ્વારા પસાર થાય છે, તેને શરીર ના બાકી ના ભાગો સુધી પહોંચાડે છે, જ્યારે નસો / શિરાઓ શરીર માં થી પાછું આવેલ ઓક્સિજન વગર નું / અશુદ્ધ રક્ત, જે હૃદય ની જમણી બાજુએ દ્વારા પસાર થાય છે, તેને ફેફસા માં પાછું લાવે છે.

ધમની ને લગતી સમસ્યાઓ, મોટાભાગે જીવન જોખમી પરિસ્થિતીઓ બની જાય છે, અને તેના પર તાત્કાલિક ધ્યાન આપવા ની જરૂર પડે છે, શિરાઓ ને લગતા રોગો ગંભીર અને જટિલ હોય છે, પરંતુ શક્ય છે તેઓ જીવન જોખમી ન બને. શિરાઓ ને લગતી સમસ્યાઓ ની દીર્ઘ કાલીનતા અને જટિલતાઓ ના કારણે શિરાઓ પોતાનું કામ કરવા સક્ષમ ન રહે તેવું બની શકે છે, જેના કારણે, અંગો માં સોજા, ચાંદા પડવા, પગ ની ધમનીઓ માં રકત ના નબળા પરિભ્રમણ ને કારણે પગ માં થતો દુખાવો કે ઝણઝણાટી, પગ ને નીચે ટેકવતી વખતે કે ઊંચો કરતી વખતે થતાં દુખાવા ની ફરિયાદ, પીડા, ચામડી ના રંગ માં થયેલ ફેરબદલ અને વેરિકોઝ વેઈન્સ થઈ શકે છે.

નસો ને લગતી તકલીફો અને રોગો ની સારવાર માટે સમર્પિત ખાસ પ્રકાર નો સ્ટ્રકચર્ડ ટ્રેનીંગ પ્રોગ્રામ (સંરચિત તાલીમ માટે નો કાર્યક્રમ) હોવા નો અભાવ, એજ નસો ને લગતી તકલીફો નું યોગ્ય રીતે અને સમયે નિદાન ન થઈ શકવા નું મુખ્ય કારણ છે. નસો ને લગતી કોઈ પણ સમસ્યા અને સારવાર માં, કાર્ડિયોલોજિસ્ટ, વાસ્ક્યુલર સર્જન અને રેડિયોજિસ્ટ વચ્ચે એકદમ વિગતવાર વાતચીત ની જરૂર હોય છે. સિમ્સ માં અમારી પાસે, ઉચ્ચ કૌશલ્ય ધરાવતા ઇન્ટરવેંશનિસ્ટ, વાસ્ક્યુલર સર્જન અને રેડિયોલોજિસ્ટ ની એક વિકસિત ટીમ છે, જેઓ નસો સાથે સંબંધિત દરેક સમસ્યા ની સંભાળ લેવા તૈયાર છે.

### નસો ના રોગો ના પ્રકાર :



ક્રોનીક વીનસ ઈન્સફીશ્યંસી (શિરાઓ / નસો ને લગતી સમસ્યાઓ ની દીર્ઘ કાલીનતા (વેનસ સ્ટેસિસ અલ્સર – નસ નું જડ ઘારું)

1. પગ માં લોહી ના ગંઠાઈ જવા ની વિકૃતિ નો સમાવેશ, જેના પરિણામે નસો અને વાલ્વ માં અવરોધ કે રિફલક્ષ (રક્ત નું પાછું ફરવું)
2. નસો માં લાંબા સમય માટે રહેલા ગઠ્ઠા ઓ ના કારણે, અંગો માં (ખાસ કરી ને પગ માં) રક્ત નું પરિભ્રમણ નબળું પડે છે, જેના પરિણામે નસો માં દીર્ઘકાલીન સમય માટે અલ્સર થઈ જાય છે.

### વેરિકોઝ વેઇન :



1. અનિયમિત, વાંકિચૂકી કે ગૂંચવણભરેલી નસો સાથે અસમર્થ વાલ્વ
2. તેઓ શરીર માં ગમે તે જગ્યા એ થઈ શકે છે, પરંતુ મોટા ભાગે શરીર ના નીચે ના ભાગો માં, જેમ કે પગ માં વિકસે છે.
3. પગ માં રહેલી નસો સૌથી વધારે અસરગ્રસ્ત હોય છે : લોંગ (લાંબી) સફિનસ વેઈન.
4. દર ૫ લોકો માં થી ૧ વ્યક્તિ માં આ તકલીફ થાય છે ; ૩૫ વર્ષ થી વધુ વાય વળી સ્ત્રીઓ માં આ વધુ સામાન્ય છે.
5. સફિનસ વેઇન ને થયેલ ગંભીર ઇજા કે નુકસાન ના કારણે અથવા તો લાંબા સમય માટે ઊભા રહેવા થી ઉત્પન્ન થયેલ ગુરુત્વાકર્ષણ ના કારણે થઈ શકે છે.

### ડીપ વેઇન થ્રોંબોસીસ (ડીવીટી) :



૧ પગ ની પિંડી માં ઊંડાણ માં રહેલી નસો માં બનવા ની શક્યતા વધારે છે (૮૦%)

૨ પગ ની પિંડી માં બનતા થ્રોંબાઈ (નસો માં બનતો લોહી નો ગઠ્ઠો) ના ૨૫% ગઠ્ઠા પોપ્લિટીયલ અને ફેમોરલ વેઈન્સ માં પ્રસરે છે

૩ PE (પલ્મોનરી એમ્બોલિઝમ) એ DVT નું પ્રથમ ચિહ્નન હોય શકે છે

૪ સ્નાયુ ના ઊંડાણ માં રહેલી વેઈન (નસ) માં જ્યારે લોહી નો ગઠ્ઠો જામે છે ત્યારે તે સ્થિતિ ને ડીપ વેઇન થ્રોંબોસીસ કહેવાય છે. આ મોટા ભાગે સામાન્ય રીતે પગ માં બનતું હોય છે, પણ તે હાથ માં, છાતી માં, કે શરીર ના બીજા અંગો માં પણ વિક્સી શકે છે. આ ગઠ્ઠા ના કારણે અંગ ને ગંભીર નુકસાન થઈ શકે છે, અને જો તે શરીર ના મહત્વપૂર્ણ અવયવો માં પહોંચી જાય તો કલાકો માં મૃત્યુ પણ થઈ શકે છે.

### વિનસ થ્રોંબોએમ્બોલિક ડિસિઝીઝ (એકયુટ પલ્મોએમ્બોલીઝમ, CTEPD) :

૧ અમુક સમયે, શરીર ના નીચે ના અંગ / પગ માં થી બનેલો થ્રોબસ (લોહી નો ગઠ્ઠો) ત્યાં થી નીકળી ને, પલ્મોનરી સર્ક્યુલેશન (ફેફસા સાથે સંકળાયેલા પરિભ્રમણ) માં સ્થળાંતર કરે છે, અને ત્યાં પલ્મોનરી આર્ટરી સુધી પંહોચી જાય છે, જેને પલ્મોનરી એમ્બોલિઝમ કહેવાય છે.

૨ લક્ષણો નો આધાર, થ્રોંબસ (લોહી નો ગઠ્ઠો) ના કદ ઉપર અને પલ્મોનરી પરિભ્રમણ પ્રણાલી નો કેટલો વિસ્તાર એમાં સકલાયેલો છે, તેના પર રહે છે. પલ્મોનરી એમ્બોલિઝમ એક ગંભીર બીમારી નું નિદાન છે, જેમાં મૃત્યુદર ખુબજ ઊંચો છે.

### વિનસ ડિસોર્ડર્સ (નસો ને લગતી તકલીફો) ની રજૂઆત (લક્ષણો) :



- પગ ના નીચે ના ભાગ માં સોજો રહેવો
- ખંજવાળ આવવી
- પગ ના નીચે ના ભાગ ની કે પંજા ની ચામડી ભૂખરા રંગ ની કે ભૂરાશવાળી થઈ જવી
- ફાઇબ્રોસિસ / ચામડી ના ટીશ્યુ ના સ્તરો ખૂબ સખત થઈ જવા
- મોટાભાગે મધ્ય માં, ઘૂંટી ની ઉપર જડ અલ્સર / ઘારુ થવું

### વિનસ ડિસોર્ડર્સ (નસો ને લગતી તકલીફો) માટે ના જોખમી પરિબળો :



- નિતંબ, ગોઠણ, પગ, પિંડી, પેટ ના ભાગ માં કે છાતી ના ભાગ માં થયેલી મોટી સર્જરીઓ (ઓપરેશનો)
- લાંબા સમય માટે બેઠું રહેવું કે પ્રવૃતિહિન રહેવું
- લાંબી વિમાન ની મુસાફરીઓ કે લાંબી કાર ની મુસાફરીઓ
- વજન વધારે હોવું (સ્થૂળતા)
- બર્થ કંટ્રોલ પિલ્સ અથવા પેચીસ (સંતતિ નિયમન ની ગોળીઓ) નો કે હોર્મોન રિપ્લેસમેન્ટ થેરાપી
- ધૂમ્રપાન
- શરીર માં થયેલી ઇજા, જેના કારણે તેના ના અંગ ને મળતો રક્તપ્રવાહ ઘટી જાય, જેમ કે પગ અથવા નિતંબ ના હાડકાં નું ફ્રેકચર (ભંગાણ)
- કેન્સર - સારવાર દરમ્યાન પણ
- ડીપ વેઇન થ્રોંબોસીસ કે પલ્મોનરી એમ્બોલિઝમ નો ભૂતકાળ નો ઇતિહાસ
- એવી કોઈ વારસાગત પરિસ્થિતી જેથી લોહી નું ગંઠાવા ના વલણ માં વધારો થાય
- કરોડરજ્જુ માં કોઇ ઇજા થવા ના કારણે લકવો થવો
- ગર્ભાવસ્થા અથવા તાજેતરમાં જ જન્મ આપ્યો છે, ખાસ કરી ને સિઝિરીયન વડે